# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-05-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : SUNDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

***************************************************

1) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગાંધીનગરમાં 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપી.

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વસતિ ગણતરી 2027 અંતર્ગત સ્વ-ગણતરીનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો.

3) રાજકોટ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પરથી 150 કિલો ચાંદી પકડાયું.

4) 20 હજાર ટન LPGના જથ્થા સાથે વધુ એક જહાજ કંડલા બંદરે પહોંચ્યું.

5) આગામી બે દિવસ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH GUJ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગાંધીનગરમાં 700 કરોડ રૂપિયાથી વધુના વિવિધ કાર્યોની ભેટ આપી છે. રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહે ગાંધીનગર મહાનગરપાલિકાના 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે દશેલા ખાતે અંદાજે 128 કરોડના ખર્ચે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે પશુપાલકોની આવકમાં 20 ટકા વૃદ્ધિનો લક્ષ્યાંક હાંસલ કરવાની નેમ વ્યક્ત કરી.

**(BYTE : AMIT SHAH – MADHUR)**

તેમણે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન ખાતે ઇન્ક્યુબેશન એન્ડ ઇનોવેશન સેન્ટરનું લોકાર્પણ કર્યું. તેમણે NIDના મહત્વ પર પ્રકાશ પાડતા કહ્યું, NID જેવી સંસ્થાઓ દ્વારા યુવાનોને નવાચાર અને વ્યવસાયિક વિકાસ માટે યોગ્ય માળખું મળે છે.

**(BYTE : AMIT SHAH – NID)**

આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, હવે ડિઝાઇન માત્ર એક વિષય જ નહિ, પરંતુ ‘મેક ઇન ઇન્ડિયા’, ‘આત્મનિર્ભર ભારત’ અને ‘વિકસિત ભારત’ જેવા અભિયાનનું અમૂલ્ય અંગ છે.

**(BYTE : BHUPENDRA PATEL, CM)**

શ્રી શાહે આજે સેક્ટર-25 અને સરગાસણમાં આધુનિક યોગ સ્ટુડિયો અને સેક્ટર-22ના શહેરી આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું. અગાઉ તેમણે અમદાવાદના ત્રાગડમાં 'મિલિયન માઇન્ડ્સ ટેક પાર્ક- ફેઝ 1' અને 'GREMI સિટી કેમ્પસ'નું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

## CENSUS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ઓનલાઈન માધ્યમથી પોતાની સ્વ-ગણતરી પૂર્ણ કરીને વસતિ ગણતરી 2027ની સ્વ-ગણતરીનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. શ્રી પટેલે રાજ્યના લોકોને આજથી 31 મે સુધીના નિર્ધારિત 15 દિવસમાં સ્વ-ગણતરી કરીને મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કવાયતમાં સક્રિયપણે ભાગ લેવા અનુરોધ કર્યો. આ પ્રસંગે રાજ્યના વસ્તી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ મુખ્યમંત્રીને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેમને જનગણના અંગેની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. 2027ની વસ્તી ગણતરીમાં પ્રથમ વખત શરૂ કરાયેલી સ્વ-ગણતરી પદ્ધતિથી ઓનલાઈન પોર્ટલ અને મોબાઇલથી માહિતી આપી શકાશે. કેન્દ્રીય મંત્રી સી આર પાટિલે પણ આજે સ્વગણતરીમાં સહભાગી બની લોકોને સ્વ-ગણના પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગ લેવા અપીલ કરી.

( BYTE : C R PATIL, UNION MINISTER )

રાજ્ય મંત્રી પ્રવીણ માળીએ પણ પોતાના નિવાસસ્થાન ડીસા ખાતેથી પોતાના પરિવારની વિગતો વસ્તી ગણતરી પ્લેટફોર્મ પર ઓનલાઈન ભરીને સ્વ-વસ્તી ગણતરીની શરૂઆત કરાવી હતી.

# NAVSARI – C R PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલ ઝીંગા કિસાન સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં એક્વેટિક રેફેરલ લેબ ફોર ક્વોલિટી ટેસ્ટિંગ ડાયાગ્નોસ્ટિકનુ ખાતમુહૂર્ત તથા દરિયાકાંઠે સુપર ઈન્ટેસિવ પ્રિસિસન એન્ડ નેચરલ શ્રીમ્પ ફાર્મિંગ પ્રદર્શન પ્રકલ્પનો પ્રારંભ કરાયો હતો.

મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું કે ગુજરાતનો વિશાળ દરિયાકિનારો, અનુકૂળ હવામાન અને આધુનિક ટેકનોલોજીનો વધતો ઉપયોગ રાજ્યને એક્વાકલ્ચર અને ઝીંગા ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી સ્થાન તરફ આગળ ધપાવી રહ્યો છે.

આ કાર્યક્રમમાં આઈ.સી.એ.આર.-સીબા, ચેન્નાઈ, નવસારી કૃષિ યુનિવર્સિટી તથા કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર વચ્ચે મત્સ્યઉદ્યોગના વિકાસ માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

# RAJKOT SILVER

રાજકોટ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પરથી 150 કિલો ચાંદી પકડાયું છે. આજે વહેલી સવારે કેન્દ્રીય IBની બાતમીના આધારે એક ગુપ્ત ઓપરેશન હાથ ધરી કરોડોની કિંમતની મોટી માત્રામાં ચાંદીનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. 150 કિલોથી વધુ ચાંદીનો આ જથ્થો વારાણસીથી વાયા મુંબઈ હવાઈ માર્ગે રાજકોટ પહોંચ્યો હોવાની માહિતી મળતા આ જથ્થો મંગાવનાર 3 જેટલા વેપારીની પુછપરછ શરૂ કરવામાં આવી છે. રાજકોટમાં પકડાયેલા ચાંદીના જથ્થાની તપાસમાં DRI અને CGST પણ જોડાઈ છે. પ્રાથમિક પૂછપરછમાં આ સમગ્ર મામલો કર ચોરીનો હોવાનું સામે આવ્યું છે. વારાણસીથી ચાંદીનો જથ્થો મોકલનાર વેપારીએ ટેક્સ ભરપાઈ કર્યો ન હોવાનું સામે આવતા એ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

## KUTCH - SHIP

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પાર કરીને દેશનું વધુ એક જહાજ કચ્છના કંડલા બંદરે પહોંચ્યું છે. આ જહાજ 20 હજાર ટન લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ લઈને આવ્યું છે.

'સિમી' નામનું આ જહાજ 13 મેના રોજ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિસ્તારમાંથી સફળતાપૂર્વક બહાર નીકળી ગયું હતું. આજે તે કંડલા બંદરે પહોંચયા બાદ તેને જેટી નંબર એક પર લાંગરવામાં આવ્યું છે.

કંડલા બંદરે પહોંચ્યા બાદ, જહાજમાંથી LPG અનલોડ કરવાની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

## WEATHER

રાજ્યમાં આગામી બે દિવસ દરમિયાન ગરમીમાં આંશિક વધારો થઈ શકે છે. જોકે ત્યારબાદ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઘટાડો થવાની

શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું, આગામી બે દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના દરિયાકાંઠા વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા છે.

( BYTE : PRADEEP SHARMA, IMD DIRECTOR )

## PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 મેના રોજ આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 134મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ પણ આપી શકે છે અને SMS માં મળેલી લિંકને અનુસરીને પણ સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો આપી શકે છે. આગામી એપિસોડ માટે સૂચનો આ મહિનાની 29 તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

## BANASKANTHA ACCIDENT

રાજસ્થાનના બલોતરા નજીક ગાડી પલટી મારતા બનાસકાંઠાના ત્રણ યુવકના મોત થયા છે. જ્યારે અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે. આ મૃતક યુવાનો ધાનેરાના થાવર ગામના હોવાનું સામે આવ્યું છે. અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે ધાનેરાથી રામદેવરા દર્શનને જતાં સમયે આ અકસ્માત સર્જાયો હતો જેમાં 3 લોકો

ઘાયલ થતાં તેમને સારવાર અર્થે બલોતરા હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથધરી છે.

## PRAFUL PANSERIYA

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ દર્દી-હિતમાં બેદરકારી દાખવનાર કર્મચારી સામે કડક કાર્યવાહી કરી છે. વિસનગરમાં એક દવાની દુકાનમા દવાનો જથ્થો ઉપલબ્ધ હોવા છતાં દર્દીઓને દવા આપવામાં નોહતી આવતી. આરોગ્ય મંત્રીએ તપાસની સૂચના આપતા જાણવા મળ્યું કે ગાંધીનગર ખાતે દવાનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ હતો. આ મુદ્દે વિસનગરના જુનિયર ફાર્માસીસ્ટ પ્રશાંત શ્રીમાળીની કચ્છમાં બદલી કરાઇ છે.

# SOMNATH- RAILWAY STATION REDEVELOPMENT

સોમનાથ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ પ્રોજેક્ટમાં હોટેલ અને આતિથ્ય વ્યવસાય માટેના વ્યાવસાયિક અવસરો અંગે બેઠક યોજાઈ.

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ પુનર્વિકાસ પામતા સોમનાથ રેલવે સ્ટેશન ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલા વ્યાવસાયિક ક્ષેત્રના ઉપયોગ અને આવક સર્જનની સંભાવનાઓ અંગે ચર્ચા કરવા માટે અપર મંડળ રેલ પ્રબંધક (એડીઆરએમ) ઋત્વિક શર્મા, ભાવનગરના અધ્યક્ષસ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં હોટેલ અને રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે જોડાયેલા ઉદ્યોગપતિઓ અને મેનેજરોએ ભાગ લીધો હતો.

# TROPIC OF CANCER PARK

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામ ખાતે નિર્મિત ટ્રોપિક ઑફ કેન્સર સાયન્સ પાર્ક પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. છેલ્લા 2 મહિનામાં 3 હજાર 500થી વધુ લોકોએ આ પાર્કની મુલાકાત લીધી છે. 5 હજાર 930 ચોરસ મીટર વિસ્તારમાં સ્થાપિત આ પાર્ક ગુજરાતમાંથી પસાર થતા કર્કવૃત્તના ભૌગોલિક અને ખગોળીય મહત્વ વિશે માહિતી આપે છે. આ પાર્કમાં એસ્ટ્રોનોમિકલ સ્ટ્રક્ચર્સ અને મુલાકાતીઓ માટેની સુવિધા ઉપલબ્ધ છે.

# MAHESANA- KHEDUT JAGRUT ABHIYAN

મહેસાણા જિલ્લામાં રાસાયણિક ખાતરોના અસંતુલિત વપરાશને ઘટાડવા અને પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા એક માસ સુધી ખેડૂત જાગૃત અભિયાન ચાલશે.

જેનો પ્રારંભ ઊંઝા તાલુકાના ઉનાવા ગામ ખાતેથી થયો છે. જિલ્લા કલેકટર એસ.કે પ્રજાપતિ અને ખેતીવાડી વિભાગના માર્ગદર્શન હેઠળ 616 ગામોમાં ખેડૂત શિબિરોનું આયોજન હાથ ધરાયુ છે. રાસાયણિક વપરાશને કારણે તેના ગેરફાયદાઓ વિશે માહિતી અપાઈ હતી. સેન્દ્રીય ખાતરોનો ઉપયોગ અને આત્મનિર્ભર કૃષિના સ્વપ્નને સાકાર કરવા હાકલ કરાઈ હતી. આ શિબિરમાં ગ્રામસેવકો, તલાટીઓ કૃષિ સખી, પ્રાકૃતિક ખેતીના પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# PATAN- JAGRUTI ABHIYAN

પાટણ જિલ્લામાં ખેતીવાડી વિભાગ દ્વારા રાસાયણિક ખાતરના સમતોલ અને સં કલિત ઉપયોગ અંગે ખાસ જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે

તે અંતર્ગત દરેક તાલુકામાં તાલીમ શિબિરો શરૂ કરવામાં આવી છે. સિધ્ધપુર તાલુકાના ઉમરૂ અને ગણેશપુરા ગામ ખાતે રાસાયણિક ખાતરના સમતોલ અને સંક લિત ઉપયોગ અંગે ખાસ જાગૃતિ અભિયાન અંતર્ગત  તાલીમનો પ્રારંભ કરવામાં આ વ્યો, જેમાં ખુબ મોટી સંખ્યામા ખેડૂતોએ હાજરી આપી. કાર્યક્રમ દરમ્યાન સંતુલિત ખા તર વપરાશ અને પ્રાકૃતિક ખેતી અંગે ખેડુતોને શપથ લેવડાવવામાં આવ્યા.